## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## એકેડેમિક કાઉન્સીલની તા.૦૧/૧૨/૨૦૨૦ નાં રોજ ONLINE WEBEX MEET ના માધ્યમથી યોજાયેલ ૩૬ મી બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલની ૩૬ મી બેઠક તા.૦૧ ડિસેમ્બર, ૨૦૨૦ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે ONLINE WEBEX MEET ના માધ્યમથી આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ. મહેશકુમાર ઠાકર
(૩) શ્રી અશોક સોમેશ્વર જોષી
(૪) શ્રીમતિ સોનિયા સી. પટેલ
(૫) પ્રો. શ્રીનિવાસ વરખેડી
(૬) પ્રો. હરેરામ ત્રિપાઠી
(૭) ડૉ. શ્વેતાબેન જેજુરકર
(૮) ડૉ. યોગેશ ત્રિવેદી
(૯) ડૉ. ભાવપ્રકાશ ગાંધી
(૧૦) શ્રી જયશંકર રાવલ
(૧૧) ડૉ. નરેન્દ્રકુમાર એલ. પંડયા
(૧૨) ડૉ. લલિતકુમાર એ. પટેલ
(૧૩) ડૉ. દિપેશ વી. કતિરા
(૧૪) ડૉ. વસુમતિબેન દવે
(૧૫) શ્રી સંજયકુમાર એલ. જોષી
(૧૬) ડૉ. દશરથ જાદવ – કુલસચિવ

સૌ પ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. રાજય સરકાર દ્વારા કરેલ સંસ્કૃત બોર્ડની રચનામાં યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રી શ્રી જયશંકર રાવલની ચેરમેન તરીકે નિમણૂંક કરવામાં આવી તથા યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રી તથા આસિસ્ટન્ટ પ્રોફેસરશ્રી ડૉ.દિપેશ વી. કતિરાની સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવતા રાજય સરકારને તથા બંને મહાનુભાવોને એકેડેમિક કાઉન્સીલનાં ઉપસ્થિત સૌ મહાનુભાવો દ્વારા શુભેચ્છા સાથે અભિનંદન પાઠવવામાં આવ્યા. ત્યાર બાદ કુલસચિવશ્રી દ્વારા માન.કુલપતિશ્રીની સૂચનાથી એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

**૩૬.૦૧** ગત એ.સી. તા.૦૩/૦૯/૨૦૨૦ થી આજ દીન સુધી કરેલ કામગીરીનો અહેવાલ.

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તા.૦૩/૦૯/૨૦૨૦ થી તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી કરેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ કુલસચિવશ્રી દ્વારા રજુ કરવામાં આવેલ. જે કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

૩૬.૦૨ યુનિવર્સિટીની તમામ ફેકલ્ટી બેઠકમાં તા.૨૩/૧૧/૨૦૨૦ થી લેવાયેલ નિર્ણયની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તમામ ફેકલ્ટી બેઠકમાં તા.૨૩/૧૧/૨૦૨૦ થી લેવાયેલ નિર્ણયની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. તેમજ પ્રો.શ્રીનિવાસ વરખેડી દ્વારા એમ.એ. ઈન હિન્દુ સ્ટડીઝનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે તથા મોક(સ્વયમ)પોર્ટલમાં જે કોર્ષ છે, તેની માહિતી આપી હતી. વિદ્યાર્થીઓની હાજરી/પરીક્ષા/ક્રેડીટ બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. જેમાં ચર્ચાને અંતે બંને બાબતોમાં માન.કુલપતિશ્રી દ્વારા અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રીને કોઈ પણ બે વિદ્યાશાખાના ડિનશ્રીઓને સાથે લઈને કામગીરી શરૂ કરવા માટે નિયમાવલી/રિપોર્ટ તૈયાર કરવા માટે જવાબદારી સોંપવામાં આવી. સૌ મહાનુભાવો દ્વારા ચર્ચામાં ભાગ લેવામાં આવ્યો. માન.કુલપતિશ્રીએ સુચવ્યા મુજબની કાર્યવાહી કરવા નકકી કરવામાં આવ્યું.

૩૬.૦૩ પરીક્ષા સમિતિની તા.૨૫/૧૧/૨૦૨૦ની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

ઠરાવ : પરીક્ષા સમિતિની તા.૨૫/૧૧/૨૦૨૦ની બેઠકમાં લેવાયેલ નિર્ણયની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. તથા કોરોનાની પરીસ્થિતિને કારણે વિદ્યાર્થીને પરીક્ષા આપવા માટે યુનિવર્સિટી દ્વારા નિયત નજીકના પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા આપવી હોય તો વિકલ્પ આપવા અંગે સૂચન થતા સૌ મહાનુભાવો દ્વારા બહાલી આપવામાં આવી. અને વિકલ્પ આપવા નિર્ણય કરવામાં આવ્યો.

૩૬.૦૪ એકેડેમીક કાઉન્સીલના સભ્યશ્રીઓ પૈકી કોઈ એક સભ્યશ્રીનું "પરીક્ષા સમિતિ" માં નામ મનોનિત કરવા બાબત.

ઠરાવ : પરીક્ષા સમિતિમાં એકેડેમીક કાઉન્સીલના સભ્યશ્રી તરીકે પ્રિ. શ્રી કુલદિપભાઈ પુરોહિત, દ્વારકા નું નામ સર્વાનુમતે મનોનિત કરવામાં આવ્યું.

૩૬.૦૫ તા.૦૮/૧૦/૨૦૨૦નાં રોજની સંશોધન સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

ઠરાવ : તા.૦૮/૧૦/૨૦૨૦નાં રોજની સંશોધન સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૩૬.૦૬ તા.૧૨/૧૦/૨૦૨૦નાં રોજ ઓનલાઈન અભ્યાસક્રમની ફી તથા જરૂરી નિયમોની બેઠકમાં લેવાયેલ નિર્ણયની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

ઠરાવ : તા.૧૨/૧૦/૨૦૨૦નાં રોજ ઓનલાઈન અભ્યાસક્રમની ફી તથા જરૂરી નિયમોની બેઠકમાં લેવાયેલ નિર્ણયની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૩૬.૦૭ હાલ પ્રર્વતમાન શાસ્ત્રી, આચાર્યનાં અભ્યાસક્રમ ૨૦૧૭–૧૮થી ચાલુ હોય તે અભ્યાસક્રમ નિયમાનુસાર બદલવાનો થતો હોય તે અંગે અભ્યાસક્રમ સમિતિ બનાવી અભ્યાસક્રમ અંગે આવેલા ફીડબેક તથા એકશન ટેકન રિપોર્ટને આધારે તૈયાર કરી આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨ થી લાગુ કરવા અંગે.

ઠરાવ : હાલ પ્રર્વતમાન શાસ્ત્રી, આચાર્યનાં અભ્યાસક્રમ ૨૦૧૭–૧૮થી ચાલુ હોય તે અભ્યાસક્રમ નિયમાનુસાર બદલવાનો થતો હોય તે અંગે જે તે ફેકલ્ટીના ડિનશ્રી અભ્યાસક્રમ સમિતિ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

બનાવી અભ્યાસક્રમ અંગે આવેલા ફીડબેક તથા એકશન ટેકન રિપોર્ટને આધારે તૈયાર કરી આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨ થી લાગુ કરવા સર્વાનુમતે બહાલી આપવામાં આવી. અભ્યાસક્રમને તૈયાર કરતી વખતે માન.કુલપતિશ્રી દ્વારા દુરોગામી પરિણામને ધ્યાને લેવાનું સુચન કરવામાં આવ્યું. તથા ઉપસ્થિત તમામ એકેડેમિક કાઉન્સીલના મહાનુભાવોને ફીડબેક આપવા જણાવવામાં આવ્યું.

**૩૬.૦૮** આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨માં હાલ કાર્યરત મહાવિદ્યાલય / કોલેજ, પી.જી.ડી.સી.એ., ડિપ્લોમા કેન્દ્રો પાસેથી જરૂરી જોડાણ ફી મેળવી તેઓનું જોડાણ રીન્યુ કરવા અંગે.

**ઠરાવ :** 'આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨માં હાલ કાર્યરત યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલય / કોલેજ, પી.જી.ડી.સી.એ., ડિપ્લોમા કેન્દ્રોની દર વર્ષની જેમ રીન્યુ કરવા આવેલ અરજીઓને ધ્યાને લઈ એલ.આઈ.સી.ની પ્રક્રિયા કરી કેન્દ્રો પાસેથી જરૂરી જોડાણ ફી મેળવી તેઓનું જોડાણ શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨ માટે રીન્યુ કરવા માટે સૌ મહાનુભાવો દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૩૬.૦૯** આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨માં યુનિવર્સિટીમાં મહાવિદ્યાલય / કોલેજ, પી.જી.ડી.સી.એ., ડિપ્લોમા કેન્દ્રોનું નવુ જોડાણ આપવા માટે આગામી ફેબ્રુઆરી માસના પ્રથમ અઠવાડીયામાં ન્યુઝ પેપરમાં નિયમાનુસારની જાહેરાત આપવા અંગે.

**ઠરાવ :** આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨માં યુનિવર્સિટીમાં મહાવિદ્યાલય / કોલેજ, પી.જી.ડી.સી.એ., ડિપ્લોમા કેન્દ્રોનું નવુ જોડાણ આપવા માટેઆગામી ફેબ્રુઆરી માસના પ્રથમ અઠવાડીયામાં ન્યુઝ પેપરમાં નિયમાનુસારની જાહેરાત આપવા અંગે સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૩૬.૧૦** એન.એસ.પટેલ આર્ટસ કોલેજનું જોડાણ રદ કરેલ હોય તેની જાણ કરવા અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા એન.એસ.પટેલ આર્ટસ કોલેજનું જોડાણ રદ કરવા માટે કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી.

**૩૬.૧૧** મહાનુભાવોના સુચનો.

<u>**૩૬.૧૧.૦૧ –**</u> ડૉ. લલિતકુમાર એ. પટેલ દ્વારા ભારતવર્ષની અન્ય સંસ્કૃત યુનિવર્સિટી સાથે સ્ટુડન્ટ એકસ્ચેન્જ પ્રોગ્રામ ચલાવવા માટેની બાબત રજુ કરવામાં આવી. જેમાં પ્રો. શ્રીનિવાસ વરખેડી, માન.કુલપતિશ્રી, કવિકુલગુરૂ કાલીદાસ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા પોતાની યુનિવર્સિટીમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના છાત્રોને મોકલવા તથા તેઓની યુનિવર્સિટીના છાત્રો પણ આ પ્રોગ્રામ હેઠળ આવશે એવી સહમતી આપી હતી. જેને સૌ મહાનુભાવો દ્વારા બિરદાવવામાં આવી. તેમાં અધ્યાપકો પણ સામેલ થાય તેમ સુચન થયેલ જેથી આ અંગે પોલિસી બનાવવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી. અને તેની એકઝીકયુટીવ કાઉન્સીલમાંથી બહાલી મેળવવા ઠરાવવામાં આવ્યું.

<u>**૩૬.૧૧.૦૨ –**</u> ડૉ. લલિતકુમાર એ. પટેલ દ્વારા યુનિવર્સિટી ખાતે કન્સલ્ટન્સી સેન્ટર બનાવવા તથા તેમાં સેવાઓ અને તેની પોલિસી બનાવવી જોઈએ તેમ સુચન થતા તે માટે સમિતિની રચના કરવાની માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

વેરાવળ

**૩૬.૧૧.૦૩ –** ડૉ. લલિતકુમાર એ. પટેલ દ્વારા પ્રચાર–પ્રસાર માટે ગુજરાતના તમામ જિલ્લામાં યુનિવર્સિટી દ્વારા પ્રતિનિધિ નિયુકત કરવામાં આવે અને યુનિવર્સિટીના તમામ શૈક્ષણિક સ્ટાફને જિલ્લાઓ વહેંચી પ્રચાર કરે તેમ સૂચન કરતા સૌ મહાનુભાવોએ તે મુજબ કામગીરી કરવાનું ઠરાવવામાં આવ્યું. તેમજ ભારતના અન્ય રાજયોમાંથી પણ અત્રેની યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તે માટે જરૂરી યોજના બનાવવાનું ઠરાવવામાં આવ્યું.

**૩૬.૧૧.૦૪ –** ડૉ. સોનિયાબેન પટેલ દ્વારા યુનિવર્સિટી કેમ્પસ ખાતે પી.એચ.ડીમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કેમ્પસ ખાતે રહેવાની વ્યવસ્થા કરવાની બાબત મુકતાં કુલસચિવશ્રી દ્વારા હોસ્ટેલ અંગે વિસ્તૃતચર્ચા કરી માહિતી આપેલ હતી. અને યુનિવર્સિટી ખાતે હયાત સુવિધામાં જગ્યા હશે તો વ્યવસ્થા કરશે તેમ જણાવેલ. જેને સૌ મહાનુભાવોએ અનુમોદન આપેલ.

**૩૬.૧૧.૦૫ –** ડૉ. ભાવપ્રકાશ ગાંધી દ્વારા સંગીતના કોર્ષ ઓનલાઈન ચલાવવા માટેની બાબતે ચર્ચા કરવામાં આવતાં માન.કુલપતિશ્રી દ્વારા માહિતી આપવામાં આવી કે, આવા કોર્ષમાં પ્રેકટીકલ ખૂબજ મહત્વનું હોવાથી આવા કોર્ષમાં હાલ ઓનલાઈન શકય બનતુ નથી. જેને સૌ મહાનુભાવોએ અનુમોદન આપેલ.

૩૬.૧૨ અધ્યક્ષસ્થાનેથી રજુ થાય તે.

**૩૬.૧૨.૦૧ –** માન.કુલપતિશ્રી દ્વારા અધ્યક્ષ સ્થાનેથી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સંસ્કૃત માટે સંસ્કૃત સંભાષણ વર્ગ/પ્રશિક્ષણ/કર્મકાંડ માટે જાય તેઓને એડીશનલ ક્રેડીટ આપવાનું પ્રાવધાન કરવાની બાબત મુકતાં સૌ મહાનુભાવો આ અંગેની પોલીસી બનાવવા માટે સમિતિની રચના કરવાની માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

**૩૬.૧૨.૦૨ –** માન.કુલપતિશ્રી દ્વારા અધ્યક્ષ સ્થાનેથી યુનિવર્સિટીમાં શાસ્ત્રી તથા આચાર્યમાં સંસ્કૃત શાસ્ત્રોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓમાં સર્વોચ્ચ અંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીને મેડલ આપી સંસ્કૃતમાં અભ્યાસ કરવા પ્રોત્સાહિત કરવા જોઈએ તેમ સુચન કરતા સૌ મહાનુભાવો દ્વારા સુચનને બિરદાવવામાં આવેલ. તથા તે માટે આગામી કોન્વોકેશનમાં બે મેડલ વધારવા નકકી થયું. તેમજ આ માટે કોઈ દાતા મળે તો મેડલ પોલીસી મુજબ અનુદાન મેળવવું. ન મળે તો યુનિવર્સિટી ફંડમાંથી મેડલ આપવું તેમ ઠરાવવામાં આવ્યું.

બેઠકને અંતે કુલસચિવ દ્વારા ઉપસ્થિત સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

(ડૉ. દશરથ જાદવ)
કુલસચિવ